# ભારતનું ભુપૃષ્ઠ

## ભારતના મુખ્ય ભૂ-આકૃતિ પ્રદેશો

- ઉત્તર ભારતનો પર્વતીય પ્રદેશ
- ઉત્તરના વિશાળ મેદાનો
- દ્વિપકલ્પીય ઉચ્ચ પ્રદેશ
- તટીય મેદાનો
- દ્વીપ સમૂહ
- રણ પ્રદેશ

## 1. ઉત્તર ભારતનો પર્વતીય પ્રદેશ

➢ ભારત–પાકિસ્તાન ની સીમાથી ભારત–મ્યાનમાનની સીમા સુધી આશરે **2400** કી.મી.માં ફેલાયેલી હિમાલય પર્વત–શ્રેણી વિશ્વની સર્વોચ્ચ પર્વતીય સ્થળાકૃતિ છે.

➢ હિમાલય ગેડ પ્રકારની પર્વત શ્રેણી છે.

➢ આ પર્વતીય પ્રદેશને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવી છે.

(1) ટ્રાન્સ હિમાલય

(2) હિમાલય પર્વત શ્રેણી

(3) પૂર્વાંચલ

### (1) ટ્રાન્સ હિમાલય

➢ આ શ્રેણી અંતર્ગત કારાકોરમ, લદાખ, ઝાસ્કર અને કૈલાસ શ્રેણીનો સમાવેશ થાય છે.

➢ સરેરાશ ઊંચાઈ **6000** મીટર છે.

➢ ભારતનું સર્વોચ્ચ શિખર ગોડવિન ઓસ્ટીન (K2) કારાકોરમ શ્રેણીમાં આવેલ છે. જેની ઊંચાઈ **8611** મીટર છે.

➢ ભારતની સૌથી લાંબી સિયાચીન હિમનદી કારાકોરમ શ્રેણીમાં આવેલી છે.

➢ લદાખ અને ઝાસ્કર શ્રેણી વચ્ચેથી સિંધુ નદી વહે છે.

➢ કૈલાસશ્રેણી તિબ્બતમાં આવેલી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### (2) હિમાલય પર્વત શ્રેણી

➢ હિમાલય પર્વત શ્રેણી પશ્ચિમમાં નંગાપ્રબાત પર્વતથી પૂર્વમાં નામચા બારવા સુધી ચાપાકાર આકૃતિમાં ફેલાયેલી છે.

➢ આ શ્રેણીમાં એવરેસ્ટ, કાંચનજંઘા, મકાલુ, નંગાપર્વત, પીરપંજાલ, ધૌલાંધર શ્રેણી, મીશમી, અબોર અને ડાફલા વગેરેનો સમાવેશ થાય છે.

➢ માઉન્ટ એવરેસ્ટ વિશ્વનું સર્વોચ્ચ શિખર છે જેની ઊંચાઈ 8848 મીટર છે. તેને નેપાળમાં "સાગરમાથા" તરીકે ઓળખવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### (3) પૂર્વાંચલ શ્રેણી -

➤ પૂર્વાંચલ શ્રેણી ભારત તથા મ્યાનમારની સીમા પર સ્થિત છે. આ શ્રેણીમાં નાગા, મણિપુર, લુસાઈ અથવા મિઝો પહાડી આવેલી છે.

➤ પૂર્વાંચલની પહાડીઓ ભારતીય મોનસુનને દિશા આપે છે. આ પહાડીઓ જળ વિભાજકની સાથે આબોહવા વિભાજકનું પણ કાર્ય કરે છે.

## 2. ઉત્તરના વિશાળ મેદાનો

➤ આ નવિનત્તમ ભૌગોલિક પ્રદેશ છે. જેનું નિર્માણ હિમાલયની ઉત્પત્તિ પરથી થયેલું છે આ મેદાનને સિંધુ–ગંગા–બ્રહ્મપુત્રાના મેદાન પણ કહેવામાં આવે છે.

➤ આ મેદાનોને ચાર ભાગમાં વિભાજીત કરવામાં આવ્યા છે.

### (1) ભાબર

➤ તળેટી ક્ષેત્રમાં ઢાળ ઘટવાના કારણે નદીઓ તેની સાથે લઈ આવેલ કાંકરા,પથ્થર, કાંપ વગેરે ત્યાં પાથરે છે જેને ભાબરના નામે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### (2) તરાઈ

➤ એવું દલદલીય ક્ષેત્ર જ્યાં નદી પુનઃપ્રગટ થાય છે આ ક્ષેત્રને તરાઈ વિસ્તાર કહેવામાં આવે છે.

### (3) બાંગર

➤ ઉતરી મેદાનનો સૌથી વિશાળભાગ જુના કાંપવાળી જમીનથી બનેલો છે. જે નદીઓના પુરવાળા મેદાનની ઉપર તરફ સ્થિત છે. જેને બાંગર તરીકે ઓળખવામાં આવે છે.

### (4) ખાદર

➤ જે નદીઓના પૂરના પાણી સાથે આવેલ કાંપથી બનેલ છે. આ નવા કાંપના ક્ષેત્રને ખાદર તરીકે ઓળખવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 3. દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશ

➤ જમીનનો પાણીથી ઘેરાયેલો એવો ભાગ જે શીર્ષ કે ગરદનના ભાગેથી મુખ્ય ભૂમિ સાથે જોડાયેલ હોય તેને દ્વિપકલ્પીય કહેવાય છે. દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશ ગોંડવાના લેન્ડનો ભાગ છે.

➤ દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશમાં અરવલ્લી પર્વતમાળા, વિંધ્યાંચલ, સાતપૂડા, પૂર્વ ઘાટ, પશ્ચિમ ઘાટ, પૂર્વ પઠારના ઉચ્ચપ્રદેશ માળવાના ઉચ્ચપ્રદેશો તથા દખ્ખણના ઉચ્ચપ્રદેશનો સમાવેશ થાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 4. તટીય મેદાનો

➤ આ મેદાનોનું નિર્માણ નદીઓ દ્વારા લઈ આવેલા નિક્ષેપો તથા સમુદ્રી મોજા દ્વારા થયેલા નિક્ષેપણથી થયુ છે.

➤ આ મેદાનને બે ભાગમાં વહેચેલ છે.

## (1) પશ્ચિમ દરિયા કિનારાના મેદાન

- પશ્ચિમ દરિયા કિનારાના મેદાન પશ્ચિમ ઘાટ અને અરબ સાગરની વચ્ચે આવેલ સાંકડુ મેદાન છે. જે ઉત્તર કચ્છના તટ (ગુજરાત)થી લઈને દક્ષિણમાં કનયાકુમારી સુધી અરબ સાગરની સાથે સાથે ફેલાયેલ છે.
- જેમાં ગુજરાત, કોંકણ, કર્ણાટક અને કેરલના દરિયાકિનારાના મેદાનનો સમાવેશ થાય છે.

## (2) પૂર્વી દરિયાકિનારા મેદાન

- પૂર્વીઘાટ અને બંગાળની ખાડી વચ્ચેના ભાગને પૂર્વ તટીય મેદાન કહે છે.
- તેના ઉત્તર ભાગને "ઊતરી સરકાર" મધ્યભાગને "કાકીનાડા" તથા દક્ષિણભાગને "કોરોમંડલ" તટના નામે ઓળખવામાં આવે છે.

## 5. દ્વિપસમુહ

- જે ભૂ–ખંડના ચારે તરફ પાણી હોય તેને ટાપુ કહે છે.
- ભારતની સમુદ્ર સીમાને અંતર્ગત 1256 ટાપુઓ છે.
- તેને મુખ્ય બે ભાગમાં વહેંચેલ છે.

## (1) બંગાળની ખાડીમાં આવેલ દ્વિપસમુહો

- બંગાળની ખાડીમાં આશરે 572 ટાપુઓ છે. જેમાંથી 36 ટાપુઓ પર માનવ વસવાટ છે.
- આ દ્વિપસમૂહોમાં અંદમાન દ્વિપ સમુહોમાં અંદમાન દ્વિપ સમુહ, નિકોબાર દ્વિપ સમુહ, પમ્બન ટાપુ, શ્રી હરીકોટા ટાપુ વગેરેનો સમાવેશ થાય છે.

## (2) અરબ સાગરના દ્વિપસમુહો

- અરબ સાગરમાં આવેલ લક્ષદ્વિપ ટાપુઓમાં આવેલ "મીનીકોય" દ્વિપ અરબ સાગરમાં આવેલ બધા ટાપુઓ કરતા સૌથી મોટો દ્વિપ છે.
- લક્ષદ્વિપ અને મિનિકોયમાં કુલ 36 ટાપુઓ આવેલા છે. જેમાં 11 ટાપુઓ પર માનવ વસવાટ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ દ્વિપ સમુહોમાં અમિની, કન્નાનોર, પીટ્ટી દ્વિપ, અગાતિ દ્વિપ, આલિયા બેટ, ખદીર બેટ, વેલીંગ્ટન ટાપુ તથા જ્યાં મુંબઈ આવેલુ છે તે સાલ્સેટ દ્વિપનો સમાવેશ થાય છે.

## 6. રણપ્રદેશ

- ભારતમાં વાયવ્ય સરહદે રાજસ્થાન અને કચ્છના રણપ્રદેશ આવેલા છે. કચ્છનું રણ ખંડીય છાજલીના ઉંચકાવવાથી બનેલ છે.
- રાજસ્થાનના પશ્ચિમી ભાગમાં એક મોટો સુકો પ્રદેશ આવેલ છે. જેને થારના રણ તરીકે ઓળખવામાં આવે છે.
- આ ક્ષેત્ર મેસોઝોઈક કાળમાં સમુદ્રનો હિસ્સો હતો.
- અર્ધ ચંદ્રાકાર રેતીના સ્તુપનો વિસ્તાર ખુબ જ વધારે ક્ષેત્ર પર છે. આવા વિસ્તારને "બરખાન" નામથી પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS